જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૧૨/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી ૨૪૬ લીટર દેશી દારૂ, ૬૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫૫ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૧૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૧૪/૧૬

**મેઘાણીનગરઃ** ચીમનલાલ પોપટલાલ પટણી (ઉ.વ.૫૮) (રહે.સંજોગનગર સોસાયટી રામેશ્વર મહાદેવ પાસે મેઘણીનગર) એ તા.૧૪/૧૨/૧૬ નારોજ મેઘણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી-૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિપચંદ જૈન (રહે. જલસાગર સોસાયટી રામેશ્વર મહાદેવ પાસે મેઘાણીનગર હાલ રહે-બ્રીઝપુર તા-જી પન્ના, મધ્યપ્રદેશ) (૨) દિલીપ દિપચંદ જૈન (૩) આશા દિલીપ જૈન (બંન્ને રહે.નેતાજીનગર મેઘાણીનગર) અને (૪) ચક્રેશ જૈન (રહે.બ્રીઝપુર તા-જી પન્ના, મધ્યપ્રદેશ) એ ભેગા મળી બચત મંડળ બનાવી ચીમનલાલ તથા બચત મંડળના સભ્યોના છેલ્લા વીસ વર્ષથી મંડળના ભરેલ બચતના રૂપિયા ૬૧,૦૦,૦૦૦/- લઇ મંડળના સભ્યોને જાણ કર્યા વગર મકાન ખાલી કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

**શહેરકોટડાઃ** ફાતીમાબહેન તે સેકુઉદીન ગુલામઅલી ગોધાવાનાની વિધવા પત્ની (ઉ.વ.૭૨) (રહે. સેફી સોસાયટી ભગવતીનગર સામે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૧૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે કાચ ટાઇલ્સ સાફ કરવાનો રોયલ બ્રાંન્ડનો પાવડર વેચવાના બહાને ૩૦ થી ૩૫ વર્ષના આશરાના બે પુરૂષ ફાતીમાબહેનના ઘરે આવી સોનાની બંગડીઓ સાફ કરી આપવાનુ કહી ડબ્બામાં મુકાવી ડબ્બામા પાણી નાખી ગરમ કરવા ઘરમા મોકલી યુક્તી પ્રયુક્તી કરી ડબ્બામાંથી સોનાની બંગડી કિમત રૂપિયા ૫૦,૦૦૦/- કાઢી લઈ છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ડામોર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૫/૧૬**

**આનંદનગરઃ** અનિલભાઇ રામનિવાસ ગુપ્તા (રહે.ધનંજય બંગલો, આનંદનગર)એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૨/૧૬ રાતના ૧૦/૩૦ થી તા.૧૪/૧૨/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના તથા હિરાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૯૭,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ યુ મસી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૬/૧૬**

**માધવપુરાઃ** મહમદ જાકીર બસીરભાઈ શેખ (ઉ.વ.૩૫) (રહે.જમાલપુર ખમાસા) તા.૧૪/૧૨/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યા સુમારે ઈદગાહ થી અસારવા તરફ જતા બ્રીજ ઉપરથી ઈટર્નો સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૧૮ એયુ ૭૧૭૨ ના ચાલકે ટ્રક પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા મહમદ જાકીર ને ગંભીર ઈજાઓ થતા સ્થળ ઉપર તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહમદ જાકીરના ભાણેજ મહમદમીસ્ટર શેખે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એ ચૌધરી ચલાવે છે.

**દસમાં માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૭/૧૬**

**એલીસબ્રીજઃ** સંજય હરીન્દ્ર દાસ (ઉ.વ.૨૫) (રહે.ગામ-છાપ તાલુકો-પારૂ જીલ્લો-મુજ્જફરપુર બિહાર) તા.૧૪/૧૨/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે વી.એસ. હોસ્પીટલ ખાતે નવી બિલ્ડીંગમાં દસમાં માળે ચણતરનુ કામ કરતા હતા ત્યારે દસમાં માળેથી નીચે પાંચમાં માળે પડી જતા પીઠના ભાગે ગંભીર ઇજાઓ થતા સારવાર દરમ્યાન બપોરના ૪/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મગનભાઇ વેચાતભાઇ ચલાવે છે.

**શોર્ટ સર્કિટ થતા દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૮/૧૬**

**દરીયાપુરઃ** મુખત્યાર એહમદહલીમીયા શેખ (ઉ.વ.૫૪) (રહે. દાંડીયાવાડ ડબગરવાડ દરીયાપુર) તા.૧૪/૧૨/૧૬ કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે સુતા હતા ત્યારે ઘરમાં ઇલેકટ્રીક શોર્ટ સર્કીટ થવાથી આગ લાગતા દાઝી જતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી ચાવડા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)